विविध ज्ञाननो सारांश.

ભાગ ૨.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર.

મહાસુખરામ નરસિંહરામ ભટ્ટ.

(કપડવણજનું વર્ણન, શિવસ્તવન, સુબોધ ગ્રંથાવળી
વગેરેનો કર્તા.)

મોજે વેડચ—તાલુકે જંબુસર.

શ્રી જૈન વિદ્યા વિજય પ્રીન્ટીંગ પ્રેસમાં શા.
ચુનીલાલ અમથાશાએ છાપ્યો.
રીલીફરોડ—અમદાવાદ.

મુલ્ય ૦—૨—૬ પોસ્ટેજ ૦—૦—૬

विविध ज्ञाननो सारांश.

ભાગ ૨.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર.

મહાસુખરામ નરસિંહરામ ભટ્ટ.

(કપડવણજનું વર્ણન, શિવસ્તવન, સુબોધ ગ્રંથાવળી વગેરેનો કર્તા.)

વતન—કપડવણજ.

હાલ મુકામ,

મોજે વરેચ—તાલુકે જંબુસર.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૬૮. ઇસ્વીસન ૧૯૧૨.

મુલ્ય ૦—૨—૬ પોસ્ટેજ ૦—૦—૬

અમદાવાદમાં રીચીરોડની સડક ઉપર આવેલા
શ્રી જૈન વિદ્યા વિજય પ્રીન્ટીંગ પ્રેસમાં
શા. ચુનીલાલ અમથાશાએ છાપ્યો.

ગ્રંથ પ્રયોજન.

જંબુસરની ઉત્તરે પાંચ ગાઉ દૂર આવેલા વડેચ ગામમાં નોકરીના પ્રસંગને લીધે મારે રહેવું થયું છે, ત્યાં નિશાળની પાસે ગામ લોકોએ બંધાવેલા મકાનમાં તેજ ગામના ચંપા ફળીઆના રહેનાર પટેલ સદાભાઇ નરોતમે પોતાની પદરથી મારે રકમ અગાઉથી કાઢી ગામના આગેવાન ગ્રહસ્થોની મદદથી આખા ગામમાં લખણી કરી એકંદર સાડી ત્રણસેં રૂપિઆની રકમ એકઠી કરી રંગપેર કામ કરાવ્યું, અને અંદર હનુમાન—મહાદેવ—બળીઆદેવ વગેરે દેવોની (તેમજ તળાવ ઉપર બંધાવેલા દેરામાં કાળકા માતાની) સ્થાપના સંવત ૧૯૬૭ ના માહા વદ ૧૪ ને વાર સોમને રોજ પોતાના ગોરની મારફત ખંભાતી બ્રાહ્મણ ભાઇશંકર ધનેશ્વરને હસ્તક વેદોક્ત ક્રિયા કરાવીને કરી હતી.

ઉપરની હકીકતનો વિગતવાર હેવાલ તથા પ્રાચીન હકીકત વગેરે છપાવી "વડેચનું વર્ણન" એ નામની ચોપડી છપાવવા તેમણે જાહેર ખબર કઢાવી હતી, પરંતુ કેટલીક અડચણને લીધે તેમનાથી તે કામ બની શક્યું નહિ. તેથી તેમણે વાર્ષિક મહોત્સવને દિવસે મારી રચેલી કવિતાઓ છપાવી પોતાની શક્તિ મુજબ ધરમાદા આપવા મને સુચના કરી. તેથી ઉતાવળે આ લઘુ પુસ્તક છપાવી પ્રગટ કરવાની મારે જરૂર પડી છે. તેથી ધાર્યા પ્રમાણે પુરતા વિષયો દાખલ કરી શક્યો નથી. એજ સંવત ૧૯૬૮ ના પોસ વદ ૭ ને વાર બુધ. તા. ૧૦—૧—૧૨

લી૦ સેવક.

મહાસુખરામ નરસિંહરામ ભટ્ટ.

અમર કોણ રહે?

મનહર છંદ.

પુત્ર પરિવાર મૂકી, ગયા મહાજન મોટા,
પણ તેને પૃથ્વી વિષે, નકી કો પિછાણતા;
જમવા જમાડવામાં, જર ઝાઝું જે ઉડાવે,
તેવા જનોને જગમાં, નથી કોઈ જાણતા;
અતિ માનપાન પામી, અવનિથી ગયા પણ,
અંતર પડયાની અંત–રે ન યાદ આણતા;
કહે મહાસુખ ભોજ, વિક્રમે કવિતા જાણી,
તેથી તેને સદાકાળ, વિશ્વમાં વખાણતા. ૧

મોટા મહેલ મિનારા, ભુવનમાં ભાગી જશે,
કોઇ કાળે નામ કે નિ–શાન લેશ ના રહે;
સાગર સમાઈ જશે, ડુંગર દટાઇ જશે,
નદીઓનો નાશ થશે, જંગલ જતાં રહે;
ધાતુમાં ધરેલા લેખ, કાટથી કટાઈ જશે,
શિલાલેખ સદાકાળ, સુંદર નહિ રહે;
કહે મહાસુખ એમ, સઘળું સમાઇ જશે,
પણ કવિતાનો લેખ, કોટી વર્ષ તો રહે. ૨

વડેચવાસી વીરાઓને વિશેષ વિનંતી.

આપણા ગામની પાદરે ગઈ સાલ પ્રતિષ્ઠા કરાવેલા શ્રી સોમનાથ મહાદેવનો વાર્ષિક દિવસ માહ વદ ૧૪ નો આવે છે, તે દિવસે ગામના તમામ લોકોએ આનંદપૂર્વક ભજન કિર્તન કરી ગામની સુખશાન્તિને માટે પ્રાર્થના કરવી જોઇએ, અને જે ભાઈઓને હાથે પ્રતિષ્ઠા કરાવવામાં આવી છે તેમણે વાર્ષિક મહોત્સવને દિવસે પ્રથમ માફક પોતાનું કાર્ય કરી આનંદમાં વધારો બતાવવો જોઇએ.

વળી એ દિવસે મોટામાં મોટો મહાશિવરાત્રિનો તહેવાર પણ છે માટે એ દિવસે આનંદમાં ભાગ લેવા કોઇએ ચુકવું નહિ એવી મારી નમ્ર વિનતિ છે.

આ તહેવાર દર વરસે સારી રીતે ઉજવાય તે હેતુથી પ્રતિષ્ઠા કરાવતી વખતે પુજન—આરતી વગેરે ક્રિયા કરાવનારની યાદી તેમણે આપેલી રકમ સાથે આ નીચે આપી છે કે જેથી લાંબા મુદતે તેમના વારસો પણ પોતાના વડીલોનું શુભકાર્ય સંભાળી રાખે.

રકમ.	નામ.	શી બાબતમાં.
રૂ. ૧૧૦)	પટેલ સદાભાઇ નરોતમ.	શ્રી સોમનાથની મહા પુંજા અને હનુમાનની પુંજા
૩૦)	,, દાભાઇ ભાઇજી.	હનુમાનનું નિશાન.
૨૫)	,, પરભુદાસ રઘાભાઈ.	પારવતીની પુજા.
૧૭)	,, કરશન અમેથાભાઇ.	કાળકામાતાનું નિશાન.

૧૫) પટેલ દાભાઇ જેશંગ.	ગણુપતિનું નિશાન.
૧૫) ,, મુળજી ભાઇજી.	બળીઆદેવનું નિશાન.
૮) ,, જેઠાભાઈ માવશંગ	બળીઆદેવની પુજા.
૮) ,, મેલસંગ ભારમલ	હનુમાનની આરતી.
૮) ગોસાઈ ગણુપત સુરજગર	મહાદેવની આરતી.
૬ પટેલ ભાઇજી ગોરધન	ચત્રુભુજનું નિશાન.
૬) ,, જગુભાઈ માવશંગ.	મહાદેવની પુજા.
૫) ,, દેવજી કાળાભાઈ.	પારવતીની આરતી.
૫) ગોસાઈ દયાગર સુરજગર.	કાળકામાતાની આરતી.
૫) પટેલ હીંમત કલ્યાણ.	ગણુપતીની આરતી.
૧) ,, ભાઇજી બાજીભાઇ.	ચત્રુભુજની પુજા.

ઉપર જણાવેલા શુભ કાર્યમાં તથા સં. ૧૯૬૦ ના માહા સુદ ૧૧ ને રોજ સ્થાપિત કરેલાં શ્રી અંબાજીના શુભ કાર્યમાં ગામના આગેવાન ગ્રહસ્થો જેવા કે ઉધરાતદાર પટેલ જીભાવા ભાવશંગ. પટેલ માવશંગ પહાડશંગ. શાહ પાનાચંદ મનોરદાસ. પોલીસ પટેલ કુરસંગ હીંમત ભાવસંગ. પટેલ કાભાઇ વજેશંગ બાપુજી. પટેલ ગોવીંદ ગરબડ. માજી પોલીસ પટેલ પરસોતમ પરબત. પટેલ ગરબાડ વહાલાભાઈ. ભટ છગનલાલ દાજીરામ. પટેલ કરશન અમથાભાઈ. પટેલ શીવાભાઇ ઉમેદભાઈ. પટેલ શોભાભાઈ જાઇભાઈ. પટેલ ભાઇજી મિરાંત. પટેલ જેઠાભાઈ માવશંગ અને પટેલ મોતીભાઇ ભાઇજીભાઈ વગેરે ગ્રહસ્થોએ જે શ્રમ લીધો છે તેને માટે તેઓનો હું આ સ્થળે ઘણો ઉપકાર માનું છું, અને આશા રાખું છું કે હવે પછીનાં શુભ કાર્યમાં એવીજ રીતે તેઓ અને તેમના વારસો સારી રીતે મદદ આપશે.

શ્રી અંબાજીની પ્રતિષ્ઠા વખતે અંત્રેના રહીશ પટેલ નાથા-ભાઇ ભાવસંગ. કેશર જીભાઇ તથા રામશંગ હરીભાઇ એ ત્રણે મળી શ્રી અંબાજીના પુજારી ભટ્ટ હરગોવિંદ અમથારામને રૂ. ૯૦) અંકે રૂપિઆ નેવું આપવા કહેલા તે પેટે રૂપિઆ વસુલ આપતાં સુધી નહેર તલાવડી ઉપરનું સાગડી રાયણવાળું ખેતર આપ્યું છે તેથી તે ભાઇઓનો આ સ્થળે હું ઉપકાર માનું છું. એજ તા. ૧—૨—૧૨.

લી૦ સેવક.

રાજ દીપસંગ બાપુજી સરભાણા.

विविध ज्ञाननो सारांश.

ભાગ ૨.

ઇશ્વર સ્તુતિ.

વસંતતિલકા.

હે વિશ્વનાથ તમને નમીને કહું છું,
આપો સદા શુભમતિ ચિતમાં ચહું છું;
તારા વિના જગતમાં નહિ બેલી મારો,
માટે પ્રભુ ગરીબનો ગ્રહિ હાથ તારો. ૧

તારી કૃપા વગર તો ડગ ના ભરાય,
તારી કૃપા વિણ નહિ કવિતા કરાય;
તારી કૃપા વગર તો વણસે વિચારો,
માટે પ્રભુ ગરીબનો ગ્રહિ હાથ તારો. ૨

તારી કૃપા વગર ના તરણું તણાશે,
તારી કૃપાથી નગનો નહીં નાશ થાશે;
તારી કૃપા વગર દેહ વૃથા જનારો,
માટે પ્રભુ ગરીબનો ગ્રહિ હાથ તારો. ૩

નિદ્રા કરે રજનીએ જીવ જંતુ પ્રાણી,
તારી કૃપાથીં ઉઠીને વદશે સુ વાણી;
તારી કૃપા વગર ના સુખીં હું થનારો,
મ્હાંસુખ કે' ગરીબનો અહિ હાથ તારો. ૪

શાર્દૂલવીક્રીડિત છંદ.

ઉઠી પ્રાતઃસમે સદા સ્તવન હું, પ્રીતિ થકી જો કરૂં,
ત્યારે નિત્ય અપાર સુખ સજીને, આનંદમાં હું ફરૂં;
ઇચ્છા આ મુજ આજ કાવ્ય કરવા, રાખે પુરી હામરે,
તારી પુર્ણ કૃપા વિના નવ બને, કાવ્યોતણું કામરે.
માટે મ્હેર કરી મતિ રસભરી, આપો પ્રભુ આજરે,
જેથી કાવ્ય રસીક થાય જનમાં, ઝાઝી વધે લાજરે;
ઝાઝું જ્ઞાન નથી કવિત કરવા, શું હું વધારે ભણું,
જાણીને દીન દાસ આશ પુરજો, મ્હાસૂખ પામું ઘણું.

બાહારલાપિકા.

મનહર.

કરૂણાજી કરૂણા કરીને બારે મુજપર;
કામ ધરી તેથી આજ, વંદન હું કરૂં છુ.
નષ્ટ કોઈક નર, તારા ગુણ ગણે નહિ;
જેબથી જરૂર વદુ તારાથી હું ડરૂં છું.

ધરણી ધરણુ ધરા–વિષે તારૂં ધ્યાન ધરી;
મગન થઇને સદા–ચાર પાળી ફરૂં છું.
સિંહ સમ ગર્જના કરીને હું તો ગાઉં આજે;
હમેશ તારી કૃપાથી, સુખમાં હું ઠરૂં છું.
કદી પ્રભુ ભુતળમાં, ભાન ભુલી ભુંડો થાઉં;
વિસારૂં હું તને પણ, તુંતો ના વિસારજે.
સર્વ સ્થળે સેવકને, શુભ મતિ આપો પ્રભુ;
દારિદ્ર ને દોષ મારાં, સર્વદા વિદારજે.
સુકર્મ કરીને પ્રભુ, સદા તને રાજી રાખું;
ખીલવજે એવા પ્રભુ, દીલ સુ વિચારજે.
રટું રાતદીન પ્રભુ, હૃદયમાં નામ તારૂં;
હોંસ એવી અવિનાશી, અંતરે ઉતારજે.

શિખરણી.

પ્રભુ સુણો મારી, નિશદિન તમે નમ્ર વિનતિ;
દયા દીલે ધારી, દહન કરજો નાથ કુમતિ;
તમારી કૃપાથી, જરૂર જગમાં હું સુખી રહું;
તથાપી હું પાપી, નવ કદી તમારા ગુણ લહું.
મહા દોષો મારા, મહિધર ધરો નાજ મનમાં;
પુરી આશા મારી, પ્રભુ અતિ ધરો લાજ જનમાં;
સદા આ સંસારે, પરમ સુ વિચારો ધર હરી;
દયા લાવી દાતા, સકલ ભય પાપો હર હરી.
વિના તારા કોઇ, વડીલ નવ દીસે જગધરા;
કદી તારી લીલા, નવ કળી શકું હું ભવહરા;

રવી તારા કેવા, અમ્બર શશિ શોભે ગગનમાં;
જીવે છે સૌ પ્રાણી, પરમ તું દયાથી ભુવનમાં. ૩

કરૂં રૂડાં કામો, અહરનિશ હું તુજથી ડરૂં;
તદા તારે દ્વારે, જરૂર પ્રભુ આવું ભવતરૂં;
નકી એવું જાણું, તદપિ મનમાં મોહજ ધરૂં;
અતી લોભી ક્રોધી, વિષય મદમાં ભ્રમજ ફરૂં. ૪

ભલો ભુંડો હું છું, દિન ગણી ગણો સેવક મને,
નિભાવી લો નિત્યે, કરગરી પ્રભુ હું કહું તને;
વધુ શું હું બોલું, સકળ જનને સુખ કરશો;
પશુ પક્ષી આદિ, પર અતિ દયા નાથ ધરશો. ૫

જીવ પ્રત્યે.

હરિગીત.

ઓ જીવ તું આ જગતમાં, જન દેહ ધારીને રહ્યો,
બહુ જાળમાં[1] ઝપટાઈને, જગસ્વામીને તું ના લહ્યો;
સુખને સમે નહિ ઓળખ્યા, સુખકારીને સંસારમાં;
દુઃખને સમે દીલગીર થઈ, પડીઓ મહા વિચારમાં.
તે માટે હું તુજને કહું, શીખ આટલી ઉર ધારજે;
તું સર્વદા સંસારમાં, શ્રીસ્વામીને સંભાળજે.

---

૧ સંસારરૂપી જાળ.

સુખને સમે ગર્વિષ્ટ થઇને, ભાન ભૂલી ના જતો,
સંકટ સમે નિરાશ થઇને, લેશ દીલગીર ના થતો.
સુખ જાયછે, દુ:ખ થાયછે, દુ:ખ જાયછે, સુખ થાયછે;
આ મેદનીમાં સર્વની, સ્થિતિ સદા પલટાય છે.
બારે દીસે જે ભૂપતિ, તે રંક થઈ રીબાય છે;
વળી રંકનો રાજા બની, પૃથ્વી વિષે પંકાય છે.
અધિકાર ઉંચો ભોગવી, અવની વિષે અથડાય છે;
કાસદપણું કરનાર વળી, અધિકારી ઉંચા થાય છે.
માટે ઓ મારા જીવ તું, મહાસુખની શિખ માનજે;
આ સર્વદા સંસારમાં, સુખ દુ:ખ સરખાં જાણજે.

પ્લેગ વિષે—ઈશ્વર સ્તુતિ.

વિરલા જનોને થાય, વસમી વસંત રૂતુ,
હોળી આવે હોળી ઉઠે, હૈયામાં અપારરે;
ચૈતરમાં ચીંતા થાય, ચતુરાઈ ચાલી જાય,
ચિંતા સમ ચિત્ત બળે, અરજી સ્વિકારરે;
છતમાં છાકી ગયેલા, છાનામાના બેશી રહે,
ગરમ નરમ થાય, સઉ નર નારરે;
હવે મહાસુખ આપ વાંક માફ કરી બાપ,
મરકીના મારથી મ—હીપતી ઉગારરે.
કોઈ વીરલા જનો તો, દૂર દશ કોશ ગયાં,

કોઈ હળીમળી રહ્યાં, નકી નીજ ધામમાં;
કોઇ જન ઝટપટ, જઇ પરદેશ રહ્યાં,
પડે ત્યાં સંકટ પણ, આવે નહિ ગામમાં;
મ્હાલે છે માંડવા બાંધી, શહેર સમિપ કોઇ,
સુખ દુઃખ ભુખ સહે, મરકીના મારમાં;
મરકી પધારી તહાં, મહાસુખ મળે ક્યાંથી,
વિશ્વપતિ વ્હારે ધાઇ, વસાવોને ગામમાં. ૨
સુખ પામવાને સારૂ, દૂર દેશાવર જાય,
પણ સુખ પામે નહિ, પ્લેગ સૌને ખાય છે;
જેમ કો અસુર આવી, સર્વને સંહારી નાંખે,
તેમ સબળાંના પ્રાણ, પ્લેગ હરી જાય છે;
ઘરબાર છોડી જાય, પણ સુખીઆં ન થાય,
દયાળુ તું ધર દયા, પીડા ઘણી થાય છે;
મહાસુખ પામવાને, નાસાનાસ કરે બહુ,
પણ તારી કૃપા વિના, પ્લેગ પૂંઠે ધાય છે. ૩
મરકી દેખીને ઘણો, ભીતરમાં રહે ભય,
તેમાં પ્રભુ આગ દેવી, આવી વેર વાળે છે;
મંદિર જરૂખા મ્હેલી, માંડવામાં મેલ્યાં ઠેલી,
તહીં પણ આગ આવી, માલમતા બાળે છે;
મરકીને આગ બેન-પણીઓ મળીને એક,
ચતુર દિશામાં ફરી, પ્રાણને પ્રજાળે છે;
મહાસુખ શાનું થાય, મરકી સતાવે હાય,
પ્રભુ જાણે કિયા ભવ-નું આ વેર વાળે છે. ૪

લાંઠીઆં જનોતો ગાંઠી—આથી હાર પામી ગયાં,
શાણાં કેટલાક સુતાં, જઇ [1]સમશાનરે;
ભણેલાં ભિખારી જેવાં, દૂરથી દેખાય મને,
જેના સુત સ્વર્ગે ગયે, ભુલી ગયાં ભાનરે;
ડાહ્યાં તે દિવાનાં બન્યાં, ભાનખાન ભૂલી ગયાં,
ગાયક વિસારી ગયાં, ઘણું ગાન તાનરે;
મહા સુખ હરી લીધું, મરકીએ દીધું દુઃખ,
ધન ધુળધાણી કીધું, નથી તું અજાણરે. ૫
આજકાલ કરતામાં, વર્ષ આઠ દશ થયાં,
પણ મરકી ના મટે, કહું જગપાળરે;
ઘર ઉપરથી ઘણાં, નળીઆં નસાડી મૂક્યાં,
જાળીઓ જરૂર પાડી, તોડી નાંખ્યા માળરે;
ધંધો રોજગાર ઘટ્યો, તેથી ખાખાવીખી થઈ,
રૂવે નર નાર સાથે, રૂવે બેશી બાળરે;
મહાસુખ આપો હવે, મરકી નસાડી મૂકો, ૬
દીનતણી દાદ સુણો, પ્રભુ છો દયાળરે.
[2]ઇંદ્રપુરીમાં પ્રથમ, પ્રેમથી પધારી પોતે,
પછી ફરે અન્ય સ્થળે, મ્હાલે મહા માસમાં;
શરમ ન રાખે શાણા, શેઠ સરદારતણી,
ઝટ પટકીને પાડે, નાંખી દેતી ત્રાસમાં;
ફાગણમાં ફાલી રહે, ફળીઆં તમામ હરી,
હામ દામ ઠામ હરી, બનાવ્યા ઉદાસમાં;

---

૧ સ્મશાન. ૨ મુંબાઇ.

કહે નરસિંહ સુત, મહાસુખ પ્રેમ ધરી,
પ્રાર્થના તમારી કરે, બેસી સૌ ઉલ્લાસમાં. ૭
વાઘ વરૂ દેખીને શિ–યાળવાં સંતાય તેમ,
મરકી દેખીને લોક, નાસભાગ કરે છે;
પંખાથી પવન ખાતા, તે પવનના સપાટા,
વેઠે વનવાસ વસી, દુઃખ દીલ ધરે છે;
મહેલ અટારી બેસી, મોટી મોટી વાતો કરે,
તેતો ઘર ખાલી કરી, તાળાં દેઇ ફરે છે;
મહાસુખ થવા સારૂ, ઘર ધોઈ સાફ કરે,
તદપી આ મરકી તો, કાળો કેર કરે છે. ૮
ભરતભૂમિના લોક, ભટકી ભરે છે પેટ,
તેની દયા દીલમાં તું, નથી કેમ લાવતો;
સરસ મકાન તે, શોભે છે સમશાન સમ;
પણ વિશ્વપતિ કેમ, વ્હારે નથી આવતો;
જુવાન જનોને જોઈ, કાળ કોળીઆ કરે છે,
પણ પ્રભુ કેમ કાળ–ને નથી ડરાવતો;
કહે મહાસુખ પ્રભુ, તારી કૃપા વિના લેશ,
મરકી મટાડવા ઉ–પાય નથી ફાવતો. ૯
વિભુ વાંક માફ કરી, હરો મરકીને હરી,
શુધબુદ્ધ ગઇ ખરી, મરકી આવ્યા થકી;
હવે તો ભારતવાસી, દુઃખીઆં દીસે છે ઘણાં,
સગાઇ ને સ્નેહ સઉ, સીધાવ્યાં પ્રભુ નકી;
આમે કોઈ ભાગ્યશાળી, દમડી ઉધારે માલ,

આપવા હિંમત રાખે, આબરૂ રહે ટકી;
કહે મહાસુખ વિપ્રુ, વધારે વદુ શું હવે,
મશ્કી મટાડશો એ–વી રૂદેમાં છે વકી. ૧૦

શ્રોતા પ્રત્યે વિનય વચન.

સજ્જન [૧]સરવને હું, પ્રેમથી પ્રણામ કરી,
પુસ્તક પ્રસન્ન થવા, કાવ્ય રૂડાં કરૂં છું;
જગતમાં જનતણી, દુર્મતિ દહન થાય,
એવાં કાવ્ય રચી રૂડાં, પુસ્તક આ ભરૂં છું;
નીતિ રીતિ સુધરવા, વદુ છું વિમળ વાણી,
શીખે [૨]સદગુણ સદા, એવી આશા ધરૂં છું;
મહાસુખ પામે રોજ, વિવેક વધારે વડો,
એવા સુનીતિ પ્રબંધ મુખથી ઉચરૂં છું. ૧
સુણો સ્વદેશીઓ સારા, માની લો પ્રણામ મ્હારા,
સજો સંપ ને સુધારા, કુધારા તો કાપજો.
ખરેખરો ખંત રાખી, શાણી વાણી સદા ભાખી,
સુધારાના સાથી તણાં વેણ ન ઉથાપજો;
સ્વદેશનું હીત થવા, માની આ વચન મ્હારૂં,
તન, મન, ધનથી સ–દાય સ્હાય આપજો;
કહે મહાસુખ શ્રમ, વેઠે જે સ્વદેશી સારૂ,
તેને સદા સુખ પ્રભુ, આપશો અમાપજો. ૨

---

૧ સર્વને. ૨ સદ્‌ગુણ.

બાળપણમાંથી હું તો, કાવતાનું કામ કરૂં,
પણ તે સમેની કવિ–તા ન કરી આપથી;
દિન દિન કવિતાના, દોષ સૌ વિદારી મૂકું,
ગુરૂ [1]લલ્લુભાઇ કેરા, બોધના પ્રતાપથી;
[2]પિતાના પ્રતાપ વડે, પ્રભુપર પ્રીતિ રહે,
માન મને મળે તેતો, ભાઇ [3]અંબાલાલથી;
મહાસુખ મને મળે, દુઃખ દોષ દૂર ટળે,
સત્ય કહું શિવ સોમ–નાથના પ્રભાવથી. ૩

કોઇ કહે પિંગળના, છંદનો ન ફંદ ગમે,
કોઈ કહે નાટકના, રાગ રૂડા લાગે છે;
કોઈ કહે ઠુમરી ઠ–સે છે મ્હારા મન વિષે,
કોઇ આવી લાવણીનો, લેખ મુખે માગે છે;
કોઈ કહે ગરબાને, ગઝલ ગાઇ બતાવો,
કોઈ કહે ભજનથી, ભૂખ ભલી ભાગે છે;
કહે મહાસુખ સર્વ–ને રીઝાવી શકું કેમ ?
પિંગળના છંદ મને, ઘણા પ્યારા લાગે છે. ૪

કોઈ જન નાટકના, રાગ સુણી રાજી થાય,
કોઇ જન ભાટતણી, ભાષા મુખે ભાખશે;
કોઇ જન ગાનારીના, ગાયનથી મોહ પામે,
કોઇ નાચ નીહાળીને નાચ ત્યાં નચાવશે;

---

૧ લલ્લુભાઈ હરજીવન ત્રિવેદી. ૨ નરસિંહરામ દલપતરામ ભટ્ટ. ૩ અંબાલાલ દામોદર જોસી.

કોઈ રાખે મોટી મોટી, વાતોમાં વધારે માન,
કોઈ જન વ્યાસતણી, વાણીને વખાણશે;
કહે મહાસુખ હશે, કવિતાના જાણનાર,
કવિતાની કિંમત એ, સજ્જન પિછાણશે. ૫
કવિતાના દોષ તણો, રોષ નહિ રાખો કોઇ;
મ્હારી કવિતા તમોને, ગમે કે નહિ ગમે;
મ્હારી કવિતા વાંચતાં, દોષ દીલથી દેખાય,
મુજને લખી જણાવો, પુરા પ્યારથી તમે;
ભાવ ધરી જે જે ભાઇ, દેખાડે જે દોષ મારા,
તેનો ઉપકાર અતિ, માનું હું તો આ સમે;
કહે મહાસુખ રૂડા, કવિતાના જાણનાર,
દોષ દેખાડો કે જેથી, મન આનંદે રમે. ૬

ગુરૂ મહીમા.

જગતમાં જાણું હું તો, મુખ્ય તો માબાપ ચાર,
એક ઇશ ગુપ્તપણે, અંગ સૃજનાર છે;
પછી અન્ય માતપિતા, જેને પેટ જન્મ ધર્યો,
લખી ન શકાય જેના, ગુણ તો અપાર છે;
જન્મનાં દેનાર કદી, બાળપણે નષ્ટ થાય,
પાલન પોષણ કરી, જે ઉછેરનાર છે;
મહાસુખ થાય સદા, જે ગુરૂના જ્ઞાનવડે,
મહાસુખ કહે એમ, માત પિતા ચાર છે. ૧

માત પિતા ચારમાંથી, વડીલ હું કોને વદું,
એક થકી બીજાતણા, ગુણ નહિ ઉતરે;
અહોનીશ ઇશ્વરની, ઇચ્છા થકી ગતી કરું,
જેનાવડે જરૂર આ, જગતંત્ર તો ફરે;
પાંચ વર્ષ સુધી જેઓ, પરિપુર્ણ પીડા પામ્યાં,
કદીએ ન ક્રોધ કીધો, એ ગુણ ન વિસરે;
એમ એક એકથી અ-ધીક તો જણાય પણ,
જ્ઞાન આપનાર ગુરૂ, શ્રેષ્ટ સર્વથી ઠરે. ૨
કારણ કહું છું જુઓ, કાષ્ટતણાં પુતળાં તે,
સારા શણગાર સજે, આવે તે શા કામમાં;
દુનિયામાં દેખો તેમ, દેહ રૂડી દીસે પણ,
પિતૃધર્મ જાણ્યા ના તો, સુખ શું સંસારમાં;
પિતૃધર્મ જાણવાની, મતિ ગુરૂથકી મળે,
ગુરૂ વિણ ગયા નથી, કો પ્રભુના ધામમાં;
માટે મહાસુખ સહૃ, ગુરૂને ઉત્તમ ગણું;
જેના વડે આબરૂ વ–ધે છે ગામે ગામમાં. ૩
પશુ પક્ષી આદિ પ્રાણી, માત્રનો નિયમ એવો,
થોડા દિન નીજ સંત–તિને પાસ તે ધરે;
તેમ આ સંસારમાં જે, લોભીઆ લેખાય ગુરૂ,
તે પોતાના શિષ્યને તો, ઝટ વેગળા કરે;
પણ સૌ મનુષ્ય પ્રાણી, સંકટ સમય પણ,
નિજ બાળકોને કદી, તસુ દૂર ન કરે;
તેમ ગુણવાન ગુરૂ, પૃથ્વીનો પ્રલય થતાં,
સદા શાણા શિષ્યને સુ–બોધ આપીને ઠરે. ૪

મનુષ્યના ગુણ જેવા, જેને મળ્યા ગુરૂ તેતો,
અહોનીશ આનંદમાં, દિવસ ગુજારે છે;
ગુરૂના પ્રતાપ વડે, ધંધાથી વિમુક્ત થઈ,
જુદા જુદા વિષયોનાં, ભાષણ ઉચ્ચારે છે;
ગુરૂજીના ગુણ ઘણા, અંતરમાં યાદ આવે,
સજ્જન ગુરૂભાઇને, સાથ એ સંભારે છે;
કહે મહાસુખ ઘણો, ઉમંગ જણાય ઉર,
ગુરૂનું સ્મરણ કરી, સંકટ સંહારે છે. ૫

ગુરૂના પ્રસાદ વડે, ગોપીચંદ જ્ઞાની થયા,
ગુરૂના પ્રસાદ વડે, દ્રોણ દુઃખ વામીઆ;
ગુરૂના પ્રસાદ વડે, પાંચાળી પામ્યાં [૧]પારથ,
ગુરૂના પ્રસાદથી ક—બીર લાભ પામીઆ;
ગુરૂના પ્રસાદ વડે, મૂરખ મહંત થયા,
જુગે જુગ જગતમાં, જશ જેના જામીઆ;
માટે મહાસુખ કહે, ગુરૂનો પ્રસાદ પામો,
ગુરૂ પ્રસાદથી ભર્તુ—હરી ભેદ પામીઆ. ૬.

આપ વડાઇ મનહર છંદ.

આ તો કામ મેંજ કર્યું, આતો કામ હુંજ કરૂં;
આ તો કામ મ્હારા વિના, કોનાથી થનાર છે,

---

૧ અર્જુન.

મારા મુખની વાણી તો, જણાય અમૃત જેવી;
અન્ય મુખ તણી વાણી, કુત્સિત ગણાય છે;
મારા કામમાં તો ભૂલ, જણાતી નથી લગાર,
અન્ય જનતણું કામ, અધુરૂં જણાય છે;
મારા જેવો જ્ઞાની કોઇ, ગણાતો નથી ધરામાં,
અન્ય ગુણવાન નર, મૂર્ખમાં મનાય છે. ૧
મારા જેવા [1]સદગુણી, નર નહિ સાંપડે કો;
મારા જેવા સુખીયા ન, મળશે સંસારમાં,
મારા જેવી દોલત ન, દુનિયામાં દેખો કોઇ;
મારા જેવું રૂપ નહિ, કોઇ નર નારમાં,
ગાડા તળે શ્વાન જાય, જાણે મને પડે જોર;
મારા વડે કાર્ય બધાં, બને વ્યવહારમાં;
કહે મહાસુખ એમ, મૂર્ખ મગરૂરી કરે,
તેથી તોછડાઈ તો જ–ણાય ઝટ વારમાં. ૨

રોવા કૂટવાની ઘેલાઈ.

એક સમે મધરાતે, મને ઉંઘ આવી ત્યારે,
બારી તળે બાઇ બોલી, બારણું ઉઘાડજો;
પુછ્યું તેને સુતાં સુતાં, શાને સારૂ બૂમ પાડે,
રાત છે અંધારી નહિ, ઉઘડે કમાડ જો;

1 સદ્‌ગુણી.

ત્યારે બહુ બળ કરી, બાઈ બુમ પાડી બોલી,
"હાય મારે કુટવું છે," આવીને ઉઘાડજો;
"દીવો હાથ ધરી હુંતો, આવી કુટવાને કાજ,
"બારણું ઉઘાડ વીરા, ત્હારો માનું પાડજો." ૧

એવી રીતે કુટવામાં, જોર આપે જામનીએ,
કહો આવી રીત તમે, સારી કે નઠારી છે?
માને નહિ મ્હારૂં વેણ, માનની ગુમાન ધરી,
સદાકાળ સંસારમાં, નારી તે નઠારી છે;
હાય હાય કરી બહુ, હેતુઓને હાણ કરે,
હાય હાય એતો રીત, પુરી પીડાકારી છે;
કહે મહાસુખ રોવા–કુટવાની રીત જુઓ,
ગરૂડ પુરાણમાં તો, અધમ ઉચ્ચારી છે. ૨

ઘરમાં ફરેછે ત્યારે, ઘૂમટો તાણે છે ઘણો,
રડવા બજાર જાય, મૂકી છૂટા કેશરે;
ઘેર વડીલને કદી, સાદ સંભળાવે નહિ,
બજારે ઉઘાડે બાહુ, લાજ નહિ લેશરે;
મુઆ પુઠે નાત કરી, નિરાંતે બેશીને જમે,
ઠાલી પ્હેલો ઢોંગ કરે, હિંદુઓ વિશેષરે;
કહે મહાસુખ એવો, ધુતારાનો ઢંગ છોડો,
રીત એવી રડવાની, નથી અન્ય દેશરે. ૩

રડી રડી મરો પણ, રડયાથી ન પાછું આવે,
મરી ગયું જન તેતો, મુએલું જણાયરે;
મ્રત્યનું વાસણ કદી, ફુટી ગયું ફુટ હોય,

ફરી નહિ સાજુ થાય, ગુણ એ ગણાયરે;
તેવી રીતે મુવા પછી, ભલે માથું કુટી મરો,
પણ મુએલું કદી ના, જીવતું જણાયરે;
કહે મહાસુખ પૂછે, પુન્ય કરે પ્રીત ધરી,
રડે કુટે લેશ નહિ, તેતો વખાણાયરે. ૪

ધનવાન અને વિદ્વાનનો સંવાદ.

ચાલ સવૈયાની.

વિદ્વાન—ઓ વ્હાલા બંધુ તમને હું, વ્હાલ ધરીને કરૂં છું વાત,
ભાવ ધરીને ભણજો વિદ્યા, નહિ તો આગળ ખાશો લાત.

ધન—ભાઈ તમે ભણવાને કાજે, શા માટે મુજને કહો છો;
ભણવામાં છે હરકત ભારે, ભણો ભણો એમ શું કહો છો.

વિ૦—એમાં શું મેં ખોટું કીધું, વાત તમે આવી બોલો;
ભણવામાં શી હરકત ભારે, તેતો મુજ આગળ ખોલો.

ધન—એમાં શું ઝાઝું દરશાવું, વાત વદુછું હું થોડી;
પૈસાવાળા પાસે પંડિત, ઉભા રહે છે કર જોડી.

વિ૦—ભાઇ તમે વિદ્યાના ગુણને, લેશ નહિ મનમાં આણો;
માટે પૈસાવાળા કરતાં, પંડિતને હલકા જાણો.

ધન—બહુ ડાહ્યો તુજને મેં જાણ્યો, શી રીતે વિદ્યા મોટી;
બતાવ મુજને ઝટપટ તુંતો, નહિ તો મારીશ હું સોટી.

વિ૦—શાને કાજે શાણા મિત્ર, તું મુજને સોટી મારે;
વિદ્યાદેવી વિશ્વ વિષે સૌ, વિઘ્ન આવતાં સંહારે.
ધન—એવું શું ખોટું સમજાવે, ભણવાથી રખડી મરતાં;
જેની પાસે ગરથ ઘણો છે, તે સુખમાં રોજે ફરતાં.
વિ૦—વિદ્યા વિણુ તું ધનવાળાને, સુખીઆ મનમાં ધારે છે;
પણુ તું મનમાં લેશ ન સમજે, કોનું માન વધારે છે.
ધન—હા, હા, હું તો સૌ જાણું છું, પુરાણી પોથી લઇ ફરે;
વગર ભણેલા જરવાળા જન, ગાંડા પણુ ગુલતાન કરે.
વિ૦—કૂપતણો મેડક જાણે છે, આ દરિયો સૌથી મોટો;
તેવી રીતે તું ધારે છે, ધનવાળાને શો તોટો.
ધન—શો તોટો છે ધનવાળાને, ધનવાળાના સૌ સાથી;
ધનવાળાનાં વાહન શોભે, ગાડાં ઘોડાં ને હાથી.
રાંક બિચારો પંડિત જન તો, જોડા વીણ જગમાં રખડે.
જર કારણુ જાચે છે પોતે, પુર અને વળી વનવગડે.
વિ૦—મેડકનો દરિયો જે મોટો, કૂપ થશે તેતો ઠાલી.
તેવી રીતે ધનવાળા પણુ, કદી થશે ધનથી ખાલી;
મહાસાગરમાં જે જળ ભરીયું, તેનો નાશ કદી ન થાય;
તેવી રીતે પંડિતનું, વિદ્યા ધન ઓછું લેશ ન થાય.
ધન—તું મોટો તીડો જોશી થઇ, ભવિષ્યની વાતો ભાખે;
પણુ પૈસા વીણુ પંડિતનાં તનું, ક્યાંથી સ્વાદ રૂડા ચાખે;
દીનનું ડહાપણુ દુનિયા સઘળી, લેશ નહિ દિલમાંજ લહે;
ગરથ સહિત ગાંડા પણુ તેને, બાપો બાપો સર્વ કહે.
વિ૦—બાપો બાપો બોલે છે પણુ, મનમાં જાણે બેલ સમાન;
મતિ એની મોભાગ્ર જેવી, તેતો રહેશે કેમ અજાણુ.

જ્યાં સુધી જરવાળો જીભે, સભા મહિ બોલે ના બોલ;
ત્યાં સુધી જરવાળો પામે, માન પાન સૌથી અતોલ.
ધન—મારે ભુંડા ભણી ભણીને, તું મોટો પંડિત થાજે;
મારે તારો સંગ ન જોઇએ, નથી મારે ભણવું આજે.
પૈસો મારો પરમેશ્વર છે, એ કહેવત સાચી માનું;
પૈસા વિણ આ જગમાં જીવ્યું, ધિક્ ધિક્ મનમાં આણું.
વિ૦—ઓ બંધુ તું પૈસાને, પરમેશ્વર જેવો ધારે છે;
પણ વિદ્યા વિણ પૈસો પોતે, સંકટ સદા વધારે છે.
પૈસાથી પદવી ભારે કદી, રાજસભામાં નહિ મળનાર;
માટે પૈસાને પરમેશ્વર, ગણશે તેમાં શું વળનાર.
ધન—શું વળશે, શું વળશે, કહેતાં, મુખ રાખજે સંભાળી;
પૈસાથી શું નથી નીપજતું, તે તું લેજે વિચારી.
વસુ વિનાના પશુ ગણાયે, નહિ એકે મળશે નારી;
પૈસાવાળા બે ત્રણ પામે, એ પૈસાની બલિહારી.
વિ૦—એને બદલે બાર કરે પણ, એમાં શો દહાડો વળશે;
વિદ્યા વિણ તો મોક્ષ થવાનો, મારગ એને ક્યાં મળશે.
વિદ્યા પૂઠે ધન આવે પણ, ધન પૂઠે ના વિદ્યા જાય;
માટે વિશ્વ વિષે સદ્વિદ્યા, લક્ષ્મી કરતાં શ્રેષ્ઠ મનાય.
ધન—ખોટું ખોટું શું સમજાવે, તારી ના હું માનું શીખ;
ભણ્યા ગણ્યા બ્રાહ્મણ ભટકે છે, ઘેરે ઘેરે માગે ભીખ.
ફાવે તેવું સંકટ શીરપર, આવે તે ધનથી દૂર થાય;
જરૂર તું તો જાણ જગતમાં, રંક જનો ઝાઝા રીબાય.
વિ૦—ભણ્યા ગણ્યા બ્રાહ્મણ ભટકે છે, તેમાં કોનો દીસે દોષ;
તે તો મનમાં લે વિચારી, વળતી કર મારાપર રોષ.

ભાગવતનાં પોથાં થોથાં ને, પુરાણનું નહિ કામ લગાર;
રાજ્યતણી ભાષા જે ભણશે, તે મેળવશે શ્રેષ્ટ પગાર.
ધન—તેં તો સાચી વાત જણાવી, હવે ખરો સપડાયો યાર;
પૈસા વિણ એમ. એ. ની ડીગ્રી, ક્યાંથી મેળવશે અપાર,
એજ સબબથી સંસારે હું, દમડાભાઇને દેવ ભણું;
પણ તું વિદ્યા શ્રેષ્ટ વદે છે, તેથી તુજને મૂર્ખ ગણું.
વિ૦—મુજને મુરખ ગણે ખરો પણ, તું તો મુરખનો સરદાર;
પૈસો પૈસો શ્રેષ્ટ ગણે પણ, કરે નહિં મનમાં વિચાર.
અલ્પ બીજથી વૃક્ષ વધે પણ, બીજથી વૃક્ષ વડું જ ગણાય;
તે રીતે ધનથી મળે ભારતિ પણ, ભારતિ મા શ્રેષ્ટ ભણાય.
ધન—ના, ના, ના, ના, ના, ના, હું તો, લેશ ન માનું તારૂં વેણ;
ખાવું પીવું વિલાસ કરવો, પૈસા વિણ ન પડશે ચેન.
તારી શીખ હું ક્યારે માનું, શાસ્ત્રતણો આપે આધાર;
વસુ કરતાં વિદ્યા છે અધકી, જો દેખાડે તું આવાર.
વિ૦—

શ્લોક.

विद्या नाम नरस्य रुपमाधिकं, पृछन्न गुप्तं धनम्;
विद्या भोग करी यशः सुखकरी, विद्या गुरुणां गुरु.
विद्या बंधुजनो विदेश गमने, विद्या परा देवता;
विद्या राजमुपुज्यते नतु धनं, विद्या विहिनः पशु.

ધન—ઓ બંધુ તું આગળ આજે, વિદ્યાને મેં અધમ ગણી;
હાંસી ગર્વ કરી પૈસાનો, કીધી મેં તકરાર ઘણી.

તે માટે ઓ મારા બંધુ, માફી માગું આપ કને;
રીસ ન રાખો મારા ઉપર, ભ્રાત સમાન ગણોજ મને.

વિ૦—નથી તમારો વાંક રતીપુર, મોટા જન એમાં મુંઝાય;
પૈસો મોટો પૈસો મોટો, કહેતાં અવનીમાં અથડાય.
પૈસાથી વ્યય થાય સર્વનો, તેથી પૈસો તો પંકાય;
અંગથી પૈસો અળગો રહે છે, તેથી વિદ્યા તો વખાણાય.
આપ દીસો છો વડીલ બંધુ, હું છું તમથી નાનો બાળ;
માટે મુજ પર મ્હેર કરીને, મિત્રતણી લેશો સંભાળ.
દીલથી દ્વેષ તજીને બંધુ, મુજ પાસે પધારો આપ;
હળી મળી હરીના ગુણ ગાતાં, પ્રલય થશે સઘળો પરિતાપ.

ધન—ધીમે ધીમે ધીમે હુંતો, આવું તમારી પાસે;
મિત્રતણો મેળાપ થતામાં, ભૂખ તરસ સઘળી નાસે.
વહાલા બંધુ દી કર જોડી, સભાસદોને કરો પ્રણામ;
ત્યારપછી હરિના ગુણ ગાતાં, મહા સુખ મળશે આઠે જામ.

સભાસદ પ્રત્યે—હોરી.

સુણો સભાસદ સર્વ સારા—ટેક.
ભલાં ભલાં ભાઇ ભાષણ ભાખી, જ્ઞાતમાં ધારો સુધારા;
જે થકી દુર્જન દુર્મતિ ટાળી, કાપી નાંખશે કુધારા,
ઘણા ગુણ ગાશે તમારા. સુણો૦ ૧.

ભાવ રાખી નિજ બાળ ભણાવો, શીખશે સદ્‌ગુણ સારા;
વિમળ વાણી વદે એ વદનથી, વિવેકી બાંધવ મારા,
પામે એ પૈસા અપારા. સુણો૦ ૨
બહુ બહુ બોધ બતાવી બધાંને, બાળજો બૂરા લવારા;
ખરેખરો ખંત રાખો ખુશી થઇ, નડે ના જેથી નઠારા,
રહે નહિ સંપથી ન્યારા. સુણો૦ ૩
જુરી જુગારમાં જર ના ઉડાવે, જગદીશને જાણનારા;
સંતતિ સારી થવા શીખ આપે, શાણા એ સુખ કરનારા,
પુરા પ્રભુના થાય પ્યારા. સુણો૦ ૪
કુલક્ષણકુસમ ફુલાઇ પોતે, મોટા વરા કરનારા;
કરજ વધે ત્યારે ક્રોધ કરીને, પાછળથી રડનારા,
હશે જન એવા લજ્જારા. સુણો૦ ૫
દામ લેવા કામ કન્યાવિક્રયનું, જે જગમાં કરનારા;
દામ ગુમાવે દેખો દુનિયામાં, દુઃખના બાંધે છે ભારા,
એવા નર નરકે જનારા. સુણો૦ ૬
કંથ મુવા પછી કામની ઉપર, ક્રોધ અતિ ધરનારા;
પ્રીત ધરી પુરૂ પોષણ ન કરે, ઇજ્જત હાથે ખોનારા,
પછી પોતે પુરા રોનારા. સુણો૦ ૭
સંત પુરૂષની શિખ સુણે નહિ, જે નર દીસે નઠારા;
ભૂતળમાં ભગવાન ભજે નહિ, વ્યસનના કરનારા;
જુઓ જમ પાસે જનારા. સુણો૦ ૮
મંડળનું મહા મંગળ થાવા, માનજો એ બોલ મારા;
મહા સુખ પામો મહા મતિ સુધરે, માનું હું પાડ તમારા;
રાખું નહિ લેશ ઉધારા. સુણો૦ ૯

દોહરો.

મહા સુખનું આ કથન છે, કડવું ગણો ન કોઇ;
અજ્ઞાની અવળું ગણે, પછી રહે પસ્તાઇ. ૧
મહા સુખ કાજ કરી અહીં, મહા સુખકારી વાત;
મહાસુખ કહે માનો તમે, મહા સુખ પામો ભ્રાત. ૨

ઉપેદ્રવજ્રા.

સુણો સભામાં સહુ બેસનારા, સ્વદેશને સૂખજ આપનારા;
તમે રૂડો માનવદેહ ધારી, કરો રૂડાં કૃત્યજ સૌ વિચારી. ૧
ફરી ફરી આ નહિં દેહ પામો, કરો કદી ના નબળાંજ કામો;
મરી જવું છે દીલ એમ ધારી, કરો રૂડાં કૃત્યજ સૌ વિચારી. ૨
સદા પ્રભુનો ડર રાખી માથે, પુજા કરોને વિધિથીજ હાથે;
ઘડી ન મૂકો ઘટમાં વિસારી, કરો રૂડાં કૃત્યજ સૌ વિચારી. ૩
અતિથીને આદરમાન આપો, દુઃખીજનોનાં દુઃખ સર્વે કાપો;
સદા તમે થાવ પરોપકારી, કરો રૂડાં કૃત્યજ સૌ વિચારી. ૪
મદાંધ થૈને મમતા ન રાખો, હરી પ્રભુથી શુભ સ્વાદ ચાખો;
ન રાખશો રીત તમે નઠારી, કરો રૂડાં કૃત્યજ સૌ વિચારી. ૫
કદાપિ કાળે ધન લોભ સારૂ, કરો નહિ કામ કદી નઠારૂં;
જુઓ વધે લાજ ઘણી તમારી, કરો રૂડાં કૃત્યજ સૌ વિચારી. ૬
ન આવશે દ્રવ્ય તમારી સાથે, સદા તમે વાપરજોજ હાથે;
ન આવશે સાથ કદાપિ નારી, કરો રૂડાં કૃત્યજ સૌ વિચારી. ૭
ખચિંત રાખો ચિત વેણુ મારૂં, અખંડ રે' નામ અહીં તમારૂ;
મહા સુખે મેળવ કીર્તિ સારી, કરો રૂડાં કૃત્યજ સૌ વિચારી. ૮

ગુમાવશો કાળ તમે નકામો, અમુલ્ય એ કાળ ફરી ન પામો;
ઘટી જશે આ વય સૌ તમારી, કરો રૂડાં કૃત્યજ સૌ વિચારી. ૯
સુબોધ લેજો સહુ બન્ધુ મારા, ખચીત આ બોલ નથીજ ખારા;
જરૂર આ દેહ જુઓ જનારી, કરો રૂડાં કૃત્યજ સૌ વિચારી. ૧૦
સુધર્મનાં કામ સદૈવ સ્થાપો, કુકર્મ કંકાસ સદૈવ કાપો;
કુસંપની રીત મુકો વિસારી, કરો રૂડાં કૃત્યજ સૌ વિચારી. ૧૧
વિવેકથી નિમળ વાણી ભાખો, દગો કદાપિ દીલમાં ન રાખો;
ન રાખશોરે મતિ દુર્વિકારી, કરો રૂડાં કૃત્યજ સૌ વિચારી. ૧૨
ભલી તમે બાઈ સભા ભરોને, પછી ભલાં ભાષણ ત્યાં કરોને;
ઠરેલ થૈને શીખ દોજ સારી, કરો રૂડાં કૃત્યજ સૌ વિચારી. ૧૩
સ્વદેશનું હીત થવા સુધારા, કરો તમે નિત્ય વિચાર સારા;
દશા ટળે દેશની આ નઠારી, કરો રૂડાં કૃત્યજ સૌ વિચારી. ૧૪
વળી બહુ બાળકને ભણાવો, સદા સુનીતિ સઘળી શિખાવો;
થશે ભલી સંતતિ શ્રેયકારી, કરો રૂડાં કૃત્યજ સૌ વિચારી. ૧૫
દયા ધરીને નિત્ય દાન આપો, ગૃહસ્થનું નામ સદૈવ સ્થાપો;
તજો વળી કેક કુચાલ ભારી, કરો રૂડાં કૃત્યજ સૌ વિચારી. ૧૬
ભલે પધાર્યા શુભ બન્ધુ મારા, ગણી શકુંના ગુણ હું તમારા;
ઉમંગથી આ અરજી સ્વિકારી, કરો રૂડાં કૃત્યજ સૌ વિચારી. ૧૭
તમે વીરા વડેચમાં વસીને, સદા અહો શિખ હવે ધરીને;
પ્રસન્ન તેથી પ્રભૂ પૂર્ણ થાશે, મહાસુખ કે' કષ્ટ સદૈવ જાશે. ૧૮

ગંભીરની ગંમત.

મનહર.

સંવત સત્તાવનની, સાલની શરૂઆતમાં;
શરીરમાં સાલ પેઠું, શોભા જોવા જેવીરે;
પીડા દીઠી પોસ માસે, વદમાં તો વિપ્ર નાસે,
બાળશે બળાપો થાત, એ ગંમત કેવીરે;
ભ્રગુપુરથી બ્રાહ્મણો, ગુરૂએ ગંભાર જમી,
ઘેર જતાં રાત જાણે, કાળી મેશ જેવીરે.
કાળી રાતે કુટે મુઆ, ભાન ખાન ભૂલી ગયા;
સુણી તેની કથા સારી, શિખામણ લેવીરે. ૧
જતી વેળા જાણ્યું નહિ, આવ્યા ત્યારે ઉઠી આગ;
કારણ સુણીને થાય, હસવું ને હાણુરે.
જતી વેળા જુથ જોડયાં, ચાર તેથી ચિંતા નહિ;
આવ્યા ત્યારે એક ઓછું, તેથી વળ્યો ઘાણુરે.
સીધો રસ્તો સારો શેર-પરા ઉપરનો તજી;
કોડી રસ્તે કોડી ગયાં, જાણે ચાલી જાનરે.
દૂધપાક જમેલા તે, દડમાં દટાઇ ગયો;
જલેબી જણાઇ નહિ, ભાતનું ન ભાનરે. ૨
નકી નીલકંઠ પાસ, ટેકરે તણાઇ જતાં;
ગડડડ ધુમ ગાડી, પટ દેઇ પડીરે.
પોટલું બાંધેલા જેમ, પત્થર પાણીમાં પડે;
તેમ પાંચ જણ પડયાં, આંખે ધૂળ અડીરે."

બળવાન બે બળદ, બિચારા બેશી ગયાને;
કડડડ કટ ભાગી, સમોલ તે જડીરે.
કુદી નાઠા ઉતાવળે, બળદ બિચારા બેઉ;
પણ ઝટ તે ઝલાયા, પ્રભુ કૃપા વડીરે. ૩

પાંચ જણ પડ્યાં પણ, પીડા ઝાઝી પડી નહિ;
એથી ઉપકાર માનું, પ્રભુનો અપારરે.
દૈવયોગે એક બે ક-હાપી જો દટાયાં હોત;
ત્યારે દુનિયા તો ભાખે,-બ્રાહ્મણ ગમારરે.
પ્રભુને જે પ્યારા જન, તે વિચારી વદે એમ;
અહોનિશ અવિનાશી-નું ધાર્યું થનારરે.
તેમાં વાંક શાનો ગાડી-હાંકનારતણો ભાઈ;
થવાનું તે થાય તેમાં, શું કરે જનારરે. ૪

દોહરો.

તોપણ કહુ છું સર્વને, શિખામણની વાત;
યાદ રાખજો અંતરે, પંથે જાતાં ભ્રાત. ૧

સમોલ સાથે રાખવી, ખુંટા બે ત્રણ ખાસ;
[1]કુહાડી રાખો કને, તો નહિ પામો ત્રાસ. ૨

અજાણ પંથે ચાલતાં, આગળ ચાલો એક;
વિમાસો વળતી નહિ, વીરા ધરો વિવેક. ૩

---

૧ ઉપરની કવિતા ગાડી તળે ચગદાયાથી મોતની તૈયારીમાં હતો તે પ્રસંગે પરમાત્માએ બચાવી લીધો તે વખતે કરી હતી.

ગાડીવાને હાંકવી, ગાડી સામું જોઈ;
દુઃખ ન આવે દીલમાં, કહે ગમાર ન કોઇ. ૪
મહાસુખ મળવા માનજો, વીતેલી કહી વાત;
પંથે દુઃખ પડે નહિ, સાંભળજો સૌ ભ્રાત. ૫

દુખીઆને દિલાસો.

દોહરો.

શાન્તિ રાખો સર્વદા, સગાં સહોદર સાર;
મિથ્યા માયા માનવી, સ્વપ્ના સમ સંસાર. ૧
મારૂં મારૂં મન કહે, પણ મારૂં ન લગાર;
મિથ્યા મન મમતા ધરે, સ્વપ્ના સમ સંસાર. ૨
આ મારાં માબાપને, આ મારી સ્ત્રી સાર;
પણ મિથ્યા તે માનવાં, સ્વપ્ના સમ સંસાર. ૩
મામા માસી માનશો, મારાં નિત્ય અપાર;
તે સંભાર્યે શું થશે, સ્વપ્નાસમ સંસાર. ૪
ભાઇ ભગનિને ભેટવા, જાશો વારંવાર.
કોનાં ભાઇ ભગનિ અરે, સ્વપ્ના સમ સંસાર. ૫
સુતા ને સુત માહરાં, વદતો વારંવાર;
કોનાં સુત સુતા વળી, સ્વપ્ના સમ સંસાર. ૬
મળીઓ મુજને મિત્ર આ, શાણો ને સુખકાર;
વિચાર એવા વહી જશે, સ્વપ્ના સમ સંસાર. ૭

મારૂં મારૂં મન કહે, તારૂં નહિ તલભાર;
મન તો ધુળધાણી થશે, સ્વમા સમ સંસાર. ૮
મંદીર ઝરૂખાં માળીઆં, મારાં ગણ્યાં અપાર;
તે મૂકી જાવું નકી, સ્વમા સમ સંસાર. ૯
મન સુખ માને જેહને, તે સુખ છે સંસાર;
મન દુઃખ માને દુઃખ તે, સ્વમા સમ સંસાર. ૧૦
વારા ફરતી આવશે, સુખ દુઃખ આ સંસાર;
શોક હરખ ધરવો નહિં, સ્વમા સમ સંસાર. ૧૧
સુખીઆં જન દુઃખમાં ફરે, દુઃખીઆં સુખમાં સાર;
અકળ ગતી ઇશ્વર તણી, સ્વમા સમ સંસાર. ૧૨
નૈશદ નરપતિ વન વસ્યા, તજી દમયંતી નાર;
તે દુઃખ દીલમાં નવ ગણ્યું, સ્વમા સમ સંસાર. ૧૩
સુખીઆને સતવાદીઆ, સૌનું દુઃખ હરનાર;
હરિશ્ચંદ્રે દુઃખ નવ ગણ્યું, સ્વમા સમ સંસાર. ૧૪
દ્રૌપદીએ દુઃખ ભોગવ્યું, પાંચ પતિની નાર;
સતીએ પીડા નવ ગણી, સ્વમા સમ સંસાર. ૧૫
સુખીઆં દુઃખીઆં જન સૌ, તજી રૂડાં ઘરબાર;
આ દુનિઆથી દુર થશે, સ્વમા સમ સંસાર. ૧૬
ભલા ભુંડા સૌ ભૂપતિ, ગયા મૂકી દરબાર;
રાજકુંવર રાણી ગયાં, સ્વમા સમ સંસાર. ૧૭
કો દીન જઇશું આપણે, માટે સૌ નરનાર;
સુખ દુઃખને સરખાં ગણો, સ્વમાસમ સંસાર. ૧૮
સુખ દુઃખને સરખાં ગણે, તે ઉત્તમ નર નાર;
મહાસુખ માને વિશ્વમાં, સ્વમા સમ સંસાર. ૧૯

માટે ધીરજ ધારીને, ભજો સદા જગપાળ;
સુખ દુઃખનો દેનાર એ, ઇશ્વર લે સંભાળ. ૨૦

વિદ્યા વિષે

હરિગીત.

વિદ્યારૂપી જે રત્ન તે, સૌ રત્નથી અમુલ્ય છે;
વિદ્યારૂપી જે ધન તે, અન્ય ધનથી તૃણ તુલ્ય છે.
વિદ્યાથકી સુખ દુઃખમાં, આનંદ ઉપજે છે ઘણો;
વિદ્યા વિના દુર્બળ થયો છે, દેશ જુઓ આપણો.
વિદ્યાથકી વિવેક ને, વિચાર વધતો જામશે;
વિદ્યાથકી ધન સાંપડે ને, દુઃખ લેશ ન પામશે.
વિદ્યાથકી સંકટ સમય વળી, ધીરજ ઉરમાં રે' ઘણી;
માટે ભણાવો બાળને, સુખ આપશે જગનો ધણી.
સ્થળ હોય સારૂં શ્રેષ્ઠ તો, ફળ નીપજે સારાં નકી;
માતા ભણેલી હોય તો, પંડિત પુત્રની વકી.
માટે તમારી વહાલી, પુત્રીને નિશાળે મોકલો;
ભણ્યા વિના ભવ કાઢવો તે, આ સમે છે દોહ્યલો.
વિદ્યા વિના જન વિશ્વમાં તો, પશુ તુલ્ય મનાય છે;
સૌ છોકરાને છોકરી બહુ, પુષ્ટ વયે પસ્તાય છે.
અન્નદાનથી સુખ અધઘડી, ને વસ્ત્રથી સુખ વીસ ઘડી;
પણ થાય વિદ્યાદાનથી, સુખ સર્વ જનને હરઘડી.

દુકાળનું વર્ણન.

સવૈયા એકત્રીસા.

સંવત ઓગણુસેં પંચાવન, સાલ આવી વિક્રમની સાર;
ચોમાસામાં ચિંતા ઉપજી, ભારતભુમિ દુઃખી અપાર.
ઉતાવળ કરી આવ્યા પોતે, મેઘરાયજી મહામતિ માન;
જેઠ માસમાં ઝુઝવી પોતે, પછી થયા છે અંતર્ધ્યાન. ૧
અસાડમાં આશા બહુ રાખી, ઉંચું ભાળી રહે આકાશ.
જાણે હમણાં વૃષ્ટિ થાશે, મેઘરાય ના કરે નિરાશ;
આશા સૌ અળગી જઇ બેઠી, ખરૂં ખેતીમાં થયું નુકસાન.
જેઠ માસમાં ઝુઝવી પોતે, પછી થયા છે અંતર્ધ્યાન. ૨
ભીલ ભાઈ તો ભાવ ધરીને, કાપે કરથી કાષ્ટ અપાર;
વિચાર કરતા વાટે ચાલે, આ શિર ઉપર આ શો ભાર.
ભીલ નારી સૌ ભય ટાળીને, વેચી કાષ્ટ કરે ગુજરાન;
જેઠ માસમાં ઝુઝવી પોતે, પછી થયા છે અંતર્ધ્યાન.
ધનવાળાને ધીરજ ના રહે, જાણે લુંટી લેશે માલ;
પૈસા લેશે પાડા દેશે, ક્યાંથી કુડો આવ્યો કાળ.
એમ વિચારી આરબ ચોબા, પુરવીઆ રાખ્યા મસ્તાન.
જેઠ માસમાં ઝુઝવી પોતે, પછી થયા છે અંતર્ધ્યાન. ૪
દુષ્ટજનો બહુ પુષ્ટ થયા છે, જાણે જઇશું ગામેગામ;
વાટે ઘાટે જે જન જાશે, તેના લુંટી લઇશું દામ.
એવા દુષ્ટ મળી સૌ સાથે, મચવી બેઠા છે તોફાન;
જેઠ માસમાં ઝુઝવી પોતે, પછી થયા છે અંતર્ધ્યાન. ૫

ખુશી થાય ન ખેડુ લોકો, ઘાસતણી ઘણી છે તંગાસ;
ઢોર બિચારાં ભુખથી મરશે, મહીના પછી નહિ મળશે ઘાસ.
એમ વિચારી વનમાં નાસે, પશુ પોતાનાં લેઇ નિદાન;
જેઠ માસમાં ઝુઝવી પોતે, પછી થયા છે અંતરધ્યાન. ૬
વિપ્ર વળી વિમાસો કરતા, અસાડની આશા થઇ ફોક;
શ્રાવણમાં સંતાપ થશે બહુ, મોદક મોઘા કરશે લોક.
ચિત્તમાં ચિંતા ઉપજી ત્યારે, જોયાં જુનાં બહુ પુરાણ;
જેઠ માસમાં ઝુઝવી પોતે, પછી થયા છે અંતરધ્યાન. ૭
જોશી લોકે જોશ જોઇને, શ્રાવણની આપી છે આશ;
જાહેરનામાં જગમાં ઝાઝાં, ફેરવીઆં બહુ બની ઉલાસ.
સુદ પાંચમથી પુનમ સુધી, મેઘ મચાવે બહુ તોફાન;
જેઠ માસમાં ઝુઝવી પોતે, પછી થયા છે અંતરધ્યાન. ૮
પાંચમ પુનમ વહી ગઇ ત્યારે, ભારતવાસી કરે વિચાર;
આઠમ ઉપર અટકી ના રહે, સાચે સાચું છે નિરધાર.
એમ કરતાં શ્રાવણ સટક્યો, ભાદરવે ભૂલ્યા સૌ ભાન.
જેઠ માસમાં ઝુઝવી પોતે, પછી થયા છે અંતરધ્યાન. ૯

દોહરા.

ભાદરવામાં ભય ઘણો, ઉપજે સાંજ સવાર;
આસોમાં દુઃખ આવીયું, કહું તેનો વિસ્તાર. ૧
દીવાળીના દીનમાં, હોળી પ્રગટી અંગ;
ખાવા પીવા નવ મળે, બળ્યા વરસના ઢંગ. ૨
અતિથી આવે આંગણે, તો ઉપજે ઉર શોક;
કો દેખી દે બારણાં, એવા બનીઆ લોક. ૩

રંકજનો રીબાય છે, શ્રીમંતને સંતાપ;
નૃપતિને નિરાંત નહિં, પુરણ નડીઆં પાપ. ૪
વ્હાલી જણસો વેચતા, ગુપ્તપણે કો જાય;
પાપી પેટને કારણે, અર્થ વિના અથડાય. ૫
કો કહે આવી ધાડને, કો કહે લુટયું ગામ;
કો કહે વસીએ શે'રમાં, કો કહે રાખો હામ. ૬
વળીઓ વાસણ વાંસને, વેચે કોઇ બજાર;
ઘર ગીરે મૂકી વળી, નાઠાં કો નર નાર. ૭
છપનની વીતી નહીં, ત્યાં સુધી મન મગરૂર;
એ કે'વત સાચી પડી, જાણો આજ જરૂર. ૮
કાર્તિક માસે કાળથી, કરે ઘણું કલ્પાંત;
છપ્પન સાલે છત વિના, જરા ન જીવને શાન્ત. ૯

હરિગીત.

આ સાલમાં છે સાલ મોટું, ઘાસ પાણી ના મળે;
આ ભુખથી સૌ ભટકી ફરતાં, દેખીને હૈયું બળે.
આ પિલુડાંને પિંપળાનાં, પાન પાડે કો ઘણા;
આંબે ચડે સમડે ચડે, બાકી નહિ દુઃખમાં મણા. ૧
સૌ ઝાડપાલો લાવીને નિજ, ઢોરને પ્રભુ નાંખતા;
પણ ઝાડપાલો ના જડેથી. ત્રાહી ત્રાહી ભાખતા.
ઘર ગામ છોડી ઘાસ માટે, ઢોર સૌ લેઇને ફરે;
વિદેશ જાતાં દુઃખ વેઠી, વાટે ઘાટે કો મરે. ૨
આ વેચતા કો વાટમાં વળી, દામ લે છે નામના;
પણ ઢોરને રાખે નહિ, પોકાર કરતા સ્વામના.

લથડી પડે કો પંથ જાતાં, દેખી કો શિર ફોડતા;
આ ધીરજ ઉરમાં ના રહેથી, પ્રાણ પણ કો છોડતા. ૩
આવી દશા આવે સમે, સૌ ઢોરની થઇ છે હરી;
જંગલતણાં જીવ જંતુ ઝાઝાં, પાણી વિણ જાયે મરી.
પાણી પીવાનું ના મળે તો, આહાર ક્યાંથી પામશે;
દીન દીન વધે પ્રભુ દુઃખ ભારે, પ્રાણી પ્રાણ છોડશે. ૪
કરૂણાનિધિ કરમે અડ્યો આ, ક્યાંથી કુડો કાળરે;
ધનવંત ધન ધીરે નહીં, તેથી પડી બહુ ફાળરે;
આપે આભુપણ હેમનાં તો, ભૂખ ભાગે દામની;
આ સોનું આપી સાદ લાવે, કીમત પામે નામની. ૫
સોનું મૂકે નહીં સાનમાં તો, દામનું નહિ નામરે;
અવેજ વિણ અથડી મરે છે, રંક ઠામે ઠામરે.
આ દીનજનોનું દુઃખ દેખી, શાણી આ સરકારરે;
આપી તગાવી દુઃખ ટાળે, ખેડુનું આ વારરે. ૬
નવાણ ખોદાવે નવાં, ત્યાં રંક રોજે જાય છે;
પામે મજુરી પ્રેમથી, સૌ દીલ ખુશી થાય છે.
પર પ્રાણીને પીડા કરે, તેને પીડા આપે ધણી;
સુકીર્તિ જગમાં ગાજી રહી, વિક્ટોરીઆ રાણી તણી. ૭
દુઃખીતણાં દુઃખ ટાળવા, વિક્ટોરીઆ મહારાણીએ;
અતિ દુઃખ વેઠયું દીલમહી, ઉપકાર નિત્યે માનીએ.
સદ્દગુણી ચાહે સર્વદા, આ રાજ પ્રભુ અવિચળ રહે;
વિસ્તાર વધજો વંશનો, મહાસુખ સદા મુખથી કહે. ૮

ઝુલણા છંદ.

કાળના વરસમાં ભાન સૌ ભુલીઆ, ભટકતા થઇ ગયા ભૂપ જેવા;
દાન દેનાર તો ફકીર જેવા ફરે, દીલમાં ઇચ્છતા દાન લેવા.
ઘાસના ત્રાસથી ગામ ઘર છોડીને, રઝળતા થઇ ગયા રાણ જેવા;
ગાયના રક્ષકો ગામ ગામે ગયા, ગાયને વેચીને દામ લેવા.
ભીખ દેનાર જન ભાગીઆ ભારીને, ગરીબ થઇ ભીખ લેવા ફરે છે;
ભીખ લેનાર જન ભૂખના દુઃખથી, પ્રાણ પોતાતણો પરહરે છે.
કો વળી નીરખીઆ ગરીબ કંગાલ મેં, છોકરાં વેચીને પેટ ભરતા;
કો વળી દુર્બળા દેખીઆ પથમાં, ભૂખના દુઃખથી એહ મરતા.
અફીણ કાજે ઘણા અફીણીઆ આથડે, ઓ મારા બાપ કહી બેશી જાતા;
અફીણ દેનાર જન આવીયો તો તહાં, અફીણીઆ તેહના ગુણ ગાતા.
અફીણ દેનાર જે વાટમાં નવ મળ્યો, તો પછી કો કૂવામાં પડે છે;
વ્યસન કરનારને વ્યસન વસમું પડ્યું, કાળ છપનતણો આ નડે છે;
ટાઢ ને તાપનો ત્રાસ વેઠાય નહીં, પિંડપર ના મળે બેશ વાગા.
ગામના પાદરે કો દીઠા પંથમાં, કૈં જનો મેં પડેલાજ નાગા;
દીનતાણું દુઃખ આ દેખીને દુરથી, દૈત્ય જેવા દયા દીલ લાવે.
તો મહાસુખ કહે દુઃખ આ સાંભળી, સુજનને કેમ આંસુ ન આવે.

પાછલા પા સૈકામાં ભારતવાસીએ ગુમાવેલાં અમુલ્ય રત્નોની યાદી

દોહરા.

ભરત ભૂમિમાં જે હતા, સમર્થ મહા વિદ્વાન;
પંડિત શ્રી ગટુલાલજી, સ્વર્ગે વસ્યા નિદાન.

હાઇકોરટના જડજ તે, જાતા રહ્યા જરૂર;
નાનાભાઇ હરીદાસ એ, ઇન્સાફી ભરપૂર.
અન્ય જડજ જાતા રહ્યા, આ દુનિઆથી દૂર;
કાશીનાથ ત્રંબક કહું, જાણો તમે જરૂર. ૩
કાવ્ય કળામાં કુશળ તે, ગયાજ દલપતરામ;
નર્મદાશંકરને વળી, ગયા ભુલાભીરામ. ૪
ભરતભુમીનું જેહને, ઉર વિષે અભિમાન;
નવલરામ નક્કી ગયા, નહિ તે કોઇ અજાણ. ૫
રાજકાજમાં જાણતા, ઝાઝું ઝવેરલાલ;
તે પણ સ્વર્ગ સિધાવીયા, બની દશા એ હાલ. ૬
કેળવણી ફેલાવવા, ભણ્યા વિલાયત ઠામ;
તે શૂરવીર પણ સંચર્યા, શ્રહાજન મહીપતરામ. ૭
દેખાડે દુઃખ વેઠીને, પ્રાચીન ધર્મ અપાર;
એ લેખક પણ પરવર્યા, મણીલાલ શુભકાર. ૮
દરદીનું દુઃખ કાપતા, ડાકટર બહાદુર જેહ;
તે પણ દુનિઆ દૂર કરી વસ્યા સ્વર્ગમાં તેહ. ૯
નૃસિંહાચાર્ય નક્કી, જ્ઞાન તણા ભરપૂર;
એ લેખક નહિ વિસરે, વસ્યા વિશ્વથી દૂર. ૧૦
સ્વદેશનું સારૂં થવા, વેઠે કષ્ટ અપાર;
હરીલાલ હર્ષદ ગયા, સૌ જનને સુખકાર. ૧૧
મીલતણા માલીક જે, રૂડા રણછોડલાલ;
દેશી હુન્નર દાખવે, એ પણ ગુજર્યા હાલ. ૧૨
વળી સુધાર્યા ધોરણો, જે ચાલે છે હાલ;
તે પ્રિન્સિપાલ પરવર્યા, મોટા માધવલાલ. ૧૩

ડૉલેજ ધર્મશાળા કરી, ગયા શેઠ પ્રેમચંદ;
સુરતવાસી તે હતા, તાત રૂડા રાયચંદ. ૧૪
વીરક્ષેત્રના રાજવી, ફતેસિંહ યુવરાજ;
ઉંચી આશાઓ તજી, ગયા ગુર્જર કરી ત્યાજ. ૧૫
દત્ત દગો દઇને ગયા, કરી કુટુંબ વિયોગ;
રોમેશ્ચંદ્ર રહ્યા નહિં, કીધો કાળે ભોગ. ૧૬
નોવેલ સરસ્વતીચંદ્રના, કર્તા ગોવર્ધનરામ;
ચારૂતર ભૂમિ તજી, વસ્યા પ્રભુને ધામ. ૧૭
ગુર્જર દીવાન તો ગયા, મણીભાઇ જશભાઇ;
કાળતણે વશ સૌ થયા, છોડયાં સ્નેહ સગાઈ. ૧૮
થાય બળાપો હિંદને, બદ્રુદીનનો બહુ;
ગોવિંદના ગુણ સાંભરે, શું હું મુખથી કહું. ૧૯
ઘેલા કરણતણું વળી, રચ્યું પુસ્તક ધરી પ્યાર;
તે નંદશંકરને હણ્યા, કર્યો ન કાળે ખાર.[૧] ૨૦
એવા એવા વિરલા, વસ્યા પ્રભુ તુજ પાસ;
હવે દયા નહિ રાખું તો, મહાસુખની શી આશ. ૨૧

મહારાણી શ્રી વિક્ટોરીઆના સ્વર્ગવાસથી થયેલો શોક.

રાગ પરજીઓ.

સૌએ શોકની વાત આ જાણીરે, સ્વર્ગે સીધાવ્યાં મહારાણીરે—ટેક.
ચાલુ સૈકાની શરૂઆતમાં, ઓચિંતું આવ્યું સાલ;
જાનેવારીમાં જગતે જાણ્યું, થયો મહારાણીનો કાળ. સૌ.

---

૧ કાળે કોઇનો પક્ષ કર્યો નથી.

બાવીસમીએ દાહ થયો બહુ, મળતો મંગળવાર;
લંડનમાં હાહાકાર વરતાયો, પ્રજા કરે પોકાર. સૌ.
સાડા છ વાગે શાન્ત થયાથી, શોક કરે બહુ લોક;
વિદ્યુત વાટે સમાચાર કહાવ્યા, સર્વત્ર વ્યાપ્યો શોક. સૌ.
ભારતભૂમિ ભય પામી જાણે, પ્રલય થયો આજ;
વિકટોરીઆ વિસરે નહિ દીલથી, સુઝે નહિ કાંઈ કાજ. સૌ.
તાર આવ્યો કે તડાતડ કીધી, બંધ કચેરી નિશાળ;
વેપારીઓએ વાત જાણી તેથી, પાડી બેઠા હડતાલ. સૌ.
ભારતવાસી થયા ઉદાસી, કહે શું કરીશું હાય!
જગતમાતા ગયાં જાણીને, લાગી શરીરમાં લ્હાય. સૌ.
વિલાયતમાં વસ્યાં પોતે પણ, પૃથ્વી ઉપર પ્રખ્યાત;
અજાણ્યું કો જન રહ્યું ના એવાં, વિકટોરીઆ વિખ્યાત. સૌ.
વિકટોરીઆના વ્હાલા પિતાજી, એડ્વર્ડ કેન્ટ કહેવાય;
ડચેસ ઓફ કેન્ટના રૂડા નામથી, માતાજી ઓળખાય. સૌ.
અઢારસેં ને ઓગણી સાલે, ડચેસ ઓફ કેન્ટને પેટ;
જન્મ ધર્યો એ જગત માતાએ, મેની ચોવીસમી નેટ. સૌ.
વર્ષ એક થયે વ્હાલા પિતાજી, ધરા થકી થયા દૂર;
પિતા વિનાનાં પુત્રી થયાં એ, દુઃખ વધ્યું ભરપૂર. સૌ.
મહારાણીશ્રીનાં માતાજીએ પણ, હિંમત રાખી અપાર;
ભણાવી ગણાવી ગુણવાન કીધાં, ધન્ય સ્ત્રીનો અવતાર. સૌ.
વિલિયમકાકા સંતાન વિના, સાડત્રીસે પામ્યા મર્ણ;
જુનમાસમાં જગત માતાએ, ગાદીએ મૂકયો ચર્ણ. સૌ.
ગાદીપતિ થયે ગુણવાન રાણીને, વર્ષ વીત્યાં જ્યાં ચાર;
પ્રભુ કૃપાએ સેકસકોબર્ગના, એલ્બર્ટ પામ્યાં ભરથાર. સૌ.

ત્રીસ વર્ષ પુરાં વૈભવ ભોગવી, વિધવા થયાં નેટ,
ચાર પુત્ર પાંચ પુત્રી પ્રભુએ, આપ્યાં રાણીને પેટ. સૌ.
વિધવાપણામાં વીતી ચાલ્યાં, વરસ ચાલીસ જ્યાંય;
એવામાં આવ્યો અસુર રૂપી, કાળ અરે તું ક્યાંય! સૌ.
કાળ અસુર તેં આગળ લીધાં, રાણીનાં ત્રણ સંતાન;
એક પુત્રી બે પુત્રો હણ્યાં પણ, તને ન આવ્યું ભાન. સૌ.
પ્રધાન ગ્લાસ્ટન પ્રથમ લીધો, તોપણ ચેત્યા ન કોઇ;
અચાનક આવી રાણી ઉપાડયાં, ત્યારે બેઠા રોઇ. સૌ.
કાળ અસુર તારૂં કાળજું કેવું, દયા વિનાનું દેખાય;
શોક કરે દુનિઆ સઘળી પણ, તું લેશ ના લજવાય. સૌ.
કાળ અસુર તારૂં ઉદર કેવું, સઘળું સમાઇ જાય;
મોટા મોટા રણસંગ્રામ ચાલે, તો પણ ખાલી જણાય. સૌ.
પાણીપતને કુરૂક્ષેત્રમાં ઘણા, કાપી નાંખ્યા રણશૂર;
ટ્રાન્સવાલમાં ત્રાસ પમાડે, ચીન કરે ચકચૂર. સૌ.
તોપણ તું તો તેવો ને તેવો, શું કહું વારંવાર;
મહારાણીને મુક્યાં નહિ તેથી, દુઃખી બધો સંસાર. સૌ.
જેના રાજ્યમાં સાંભળ્યો ના કદી, રવિ પામ્યો અસ્ત;
તેવાં મહારાણી વિકટોરીઆનો, ભુંડા તેં કીધો અસ્ત. સૌ.
હિંદભૂમિ તો દીસે હતભાગી, શાણા વદુ સાક્ષાત;
રાનાડે ને હજુ રોયા નથી તેમાં, ક્યાંથી થયો ઉત્પાત. સૌ.
આખુ વીસીમાં ઉપરા ઉપરી, શોક થતોજ અપાર;
તેમાં આ શોકે હદવાળી નાંખી, વિસરે નહિ ક્ષણવાર. સૌ.
દુકાળ મરકીમાં ચાર વરસથી, હિંદ પામે છે દુઃખ;
તેવામાં રાણીશ્રી સ્વર્ગે સીધાવ્યાં, તો મળે ક્યાંથી મહાસુખ. સૌ.

પાછળથી કરેલો વધારો.

હણ્યાં રાણી પણ દયા ન આણી, કાળ તું ક્રુર કહેવાય;
દસ વર્ષે પાછું દુઃખ દીધું ભુંડા, મુખે કહ્યું ના જાય. સૌ.
શહેનશાહ સાતમા સાથે તેં તો, સાધી સારી પ્રીત;
એડવર્ડ નરેશ પાછળ લીધા, હિંદ રડે છે ખચિત. સૌ.
હવે વીરા તું રાય પ્રજાને, રાખજે કુશળ ક્ષેમ;
વેડચમાં વસી મહાસુખ માગે, દ્વી કરજોડીને એમ. સૌ.

નામદાર શહેનશાહ પાંચમા જોર્જ અને શહેનશાહ બાનુ પ્રિન્સેસ મેરી હિંદમાં પધાર્યા તે પ્રસંગે રચેલી કવિતા.

સવૈયા.

૧ ૧ ૯ ૧*

ધન્ય મેદની શશિ ખંડ ભૂમિ, ભરાય દીલ્હિમાં દરબાર,
ડીસેમ્બરની દ્વાદશ તારીખ, સાથે શોભે મંગળવાર;
પંચમ જોર્જ ભરત ભૂમિના, શહેનશાહ થાશે આ વાર,
ભાખે ભારતવાસી વીરા, શહેનશાહનો જયજયકાર. ૧
આજ અનુપમ દિન દીસે છે, ઉમંગ ઉરમાં લેશ ન માય,
જાણે પામ્યા રિદ્ધ સિધ પૂરી, એ કરતાં અધિકોજ જણાય;
વિવાથી વિશેષ હરખ સૌ, માને હિંદ તણાં નરનાર, ભાખે૦ ૨
ગામે ગામે ગુણવંતાં જન, ભેગાં ભળીને ભાખે આજ,
મહિપતિ પાસે મુખથી માગે, અમર તપો અવિચળ આ રાજ;
દીલમાં ઇચ્છે દુશ્મન નૃપના, તે સઘળાનો થાય સંહાર, ભાખે૦ ૩

---

* ઇ. સ. ૧૯૧૧.

દીલ્લિનો દરબાર દિસે છે, જાણે ઇંદ્રપૂરી સાક્ષાત,
વર્ણન તેનું કરવા કાજે, રહ્યા નથી કવિ કો પ્રખ્યાત;
હોત કવિશ્વર દલપત નર્મદ, તો વર્ણન ઉચરે આ વાર. ભાખે૦ ૪
સભાસદો શોભે છે સઘળા, જાણે ઇંદ્રપૂરીના દેવ,
લશ્કરનાં લાખો જન જાણે, પાંડવ સૈન્ય આવ્યું તતખેવ;
પાંડવ પાસે આવ્યાતા નૃપ, તેમ આવ્યા છે આણે દ્વાર, ભાખે૦ ૫
તોપ[1] તણા ત્યાં ગોળા છુટે, ફૂટે જ્વાળામુખી જેમ,
બંદુકના પણ બેશ અવાજો, ગાજે ઘન ગાજે છે તેમ;
આતશબાજી ખેલ તમાસા, થાય વળી ત્યાં અપરંપાર, ભાખે૦ ૬
વિધ વિધનાં વાજાં ત્યાં વાગે, તે સાંભળવાને ચિત્ત ચ્હાય,
ભાન ભૂલી ખાવા પીવાનું, જોવા લોક ભલાજ ભરાય,
ભારે ભીડ થવાથી ભારે, ગગન સુધી ગાજે પોકાર, ભાખે૦ ૭
તેવી રીતે હિંદ ભુમિના, લોકો સઘળા ગામે ગામ,
આનંદ ઓચ્છવ કરે અતિશે, ખેલ તમાસા ઠામે ઠામ;
આતશબાજી ને દીપમાળા, કરી દીપાવે છે નિજ દ્વાર, ભાખે૦ ૮
હિંદતણાં શહેરોમાં સઘળે, સુંદર સભા ભરીને આજ,
અધિકારી ઢંઢેરો વાંચે, સુણી હરખે સકળ સમાજ;
સદા સુખી રહો કુટુંબ સાથે, પ્રજા કરે મુખથી પોકાર, ભાખે૦ ૯
ભણનારાં બાળકસૌ ભાવે, કવિતા ને સુંદર ગીત ગાય,
મેવા ને મીઠાઇ મળવાથી, રાજી રાજી થઇને જાય;
મુખથી માગે પ્રભુની પાસે, વંશતણો વધજો વિસ્તાર, ભાખે૦ ૧૦
મહાજન માગે જોડ મેરીને, દીર્ઘાયુષ્ય દેજો જગદીશ,
રાજ્ય વધારી અરી સંહારી, તન. મન સુખી રાખો દીનનીશ;
મહાસુખ આપે સર્વ પ્રજાને, એવા વિભુ આપો વિચાર, ભાખે૦ ૧૧

---

[1] આ વખતે ફટાકા વગેરેના અવાજ કરવા.

સમાપ્ત.

અગાઉથી પાંચ અને તેથી વધારે ચોપડીઓ ખરીદ કરી આશ્રય આપનાર ગ્રાહકોના મુબારક નામ.

અમદાવાદ.

૪૧ રા. રા. મોહનલાલ હરગોવિંદ ત્રિવેદી મે. કલેક્ટર સાહેબ બહાદુરની ઓફીસના કલાર્ક.
૨૫ રા. રા. પરસોતમદાસ ડાહ્યાભાઈ મી. સ્ટોર સપ્લાયર્સ
૧૦ રા. રા. ચંદુલાલ હરગોવિંદ

તમરા તાલુકે ભરૂચ.

૧૮ રા. રા. રામચંદ્ર કલપતરામ મહેતાજી

દોરા તાલુકે આમોદ.

૨૫ રા. રા. ખીચળ બાપુભાઈ
૨૦ પટેલ. પરાગદાસ દરૂભાઈ
૫ પટેલ. મોહન ગોવિંદ

નીકોરા તા. ભરૂચ.

૫ રા. આદીતરામ નરભેરામ જોશી
૫ રા. ભીમસિંહ દીપસિંહ આ. માસ્તર

જંત્રાણ તા. જંબુસર.

૧૦ રા. રા. કેશવલાલ લલ્લુભાઈ

ભાદેર તા. જંબુસર.

૭ પટેલ. નારણભાઈ મુલજીભાઈ
૫ ,, નાગજીભાઈ રાયજીભાઈ

તેલોદ તા. આમોદ.

૧૦ પટેલ. રણછોડ પરસોતમ

ઊતરસંડા.

૫ રા. રા. પુરૂષોતમ વહેરીભાઈ

વરસોલી તા. મહેમદાવાદ.

૫ રા. રા. હીરાભાઈ કાશીભાઈ આ. માસ્તર

વાડવાળી.

૫ રા. રા. કેશવલાલ રામશંકર

કપડવણજ.

૨૫ રા. મરહુમ શેઠ. મણીભાઈ સામળભાઈની વીધવા પત્નિ જડાવ શેઠાણી.
૫ રા. રા. લલીતરામ છોટાલાલ મ્યુ. બોર્ડ મેમ્બર
૧૦ દોશી. રણછોડ લક્ષ્મીદાસ
૫ રા. રા. ચુનીલાલ હસમુખ ત્રિવેદી
૫ રા. રા. અંબાશંકર જોઈતારામ ત્રિવેદી
૩૦ રા. રા દોલતરામ નરસિંહરામ આ. માસ્તર
૫ રા. રા. શનાલાલ હરગોવિંદ
૧૦ રા. રા. ત્ર્યંબકલાલ અંબાલાલ

૧૦ રા. રા. બળવંતરામ ચુનીલાલ
૫ જોશી. કૃષ્ણલાલ અંબાલાલ દામોદર

ડાકોર.

૧૦ મુખ્ય સ્કૂલના સાતમા ધોરણના વિદ્યાર્થી તરફથી

વડદલા તા. જંબુસર.

૫ રા. રા. હરગોવિંદરામ કૃષ્ણદેવ પંડ્યા મહેતાજી

કીમોજ તા. જંબુસર.

૫ રા. રા. છગનલાલ બાઇશંકર જોશી મહેતાજી

કાનવા તા. જંબુસર.

૫ રા. રા. દલસુખરામ કરૂણાશંકર ત્રિવેદી મહેતાજી

માલપોર તા. જંબુસર.

૫ રા. રા. ઇશ્વરલાલ શંકરદાસ પટેલ. મહેતાજી

રૂદેલ તા. બોરસદ.

૫ શાહ કાળીદાસ દેવચંદ

કોરા તા. જંબુસર.

૧૦ રા. રા. હરિશંકર દલપતરામ ભટ મહેતાજી

પાદરા.

૫ શાહ. જેઠાલાલ બાઇલાલ

મોજલપોર પ્રાંત વડોદરા.

૫ શાહ. ફુલચંદ મોતીલાલ

વડોદરા.

૫ શાહ. બાપુલાલ મનોરદાસ

રણું તા. પાદરા.

૫ ભટ. કરૂણાશંકર બાપુજી

કોયલી પ્રાંત વડોદરા.

૫ અધ્વર્યુ જેઠાશંકર દયારામ

કારેલી તા. જંબુસર.

૫ પંડ્યા. મહાશંકર પ્રાણશંકર

ગજેરા તા. જંબુસર.

૧૦ રા. ગો. જાદવરાય દલપતરામ પે. આ. માસ્તર
૬ રા. રા. બાબરભાઈ અંટોળદાસ આ. પો. માસ્તર
૫ ઠક્કર. ચુનીલાલ જગજીવન
૫ કાછીઆ. બટાભાઇ બાઇજીભાઈ
૫ ભટ. મણીલાલ છોટાલાલ
૫ વૈદ. જગજીવનદાસ પુરૂષોતમ
૫ ભટ. હરિલાલ અંબાશંકર

પીલુદ્રા તા. જંબુસર.

૫ ભટ. મુળશંકર દલપતરામ આ. માસ્તર

ભરૂચ.

૫ ભટ. ગોવિંદરામ ઉત્તમરામ કપડવણજ વાસી.
૫ ભટ. શંકરપ્રસાદ મહાસુખરામ

કલ્યાણી.

૫ ભટ. સોમેશ્વર પરસોતમ ,,
૫ ત્રિવેદી. અંબાલાલ લલ્લુભાઈ ,,
૫ ભટ. નારણ પરસોતમ ,,
૫ ભટ. શંભુપ્રસાદ સોમેશ્વર ,,
૫ ભટ. રમણપ્રસાદ સોમેશ્વર ,,

દાહોદ.

૧૦ રા. રા. ચંદુલાલ વરસોતમ
૧૦ રા. રા. મણીલાલ હરગોવિંદ

વડેચ.

૧૬ પટેલ. જીબાવા ભાવશંગ
૧૬ ,, માવશંગ પહાડશંગ
૧૬ શાહ. પાનાચંદ મનોરદાસ
૧૧ પટેલ. ફુલસન હીમતશંગ
૧૦ ,, કાભાઇ વજેશંગ
૧૦ ,, ગોવિંદ ગરબડ
૧૦ ,, પરસોતમ પરબત
૧૦ ,, ગરબડ વહાલાભાઇ
૧૦ ભટ. છગનલાલ દાજીરામ
૧૦ પટેલ. કરશન અમથાભાઇ
૧૦ ,, શીવાભાઇ ઉમેદભાઇ
૧૦ ,, શોમાભાઇ જાઇભાઈ
૧૦ ,, ભાઇજી મિરાંત
૧૦ ,, જેઠાભાઇ માવશંગ
૧૦ ,, મોતીભાઈ ભાઇજીભાઇ
૧૦ શાહ. કેવળચંદ હીમચંદ
૧૦ ,, શોમચંદ હીમચંદ
૮ પટેલ. ફતેસિંહ જીબાવા ભાવશંગ
૮ ગોસાઇ. ગણપતગર સુરજગર
૮ ,, દયાગર સુરજગર
૮ રા. ભાઇશંકર ધનેશ્વર
૮ રાજ. દીપસંગ બાપુજી
૮ રા. જગજીવન માવજી
૭ શાહ. મગનલાલ લલ્લુભાઇ
૭ ભટ. ભાઇશંકર દાજીરામ
૭ શાહ. પાનાચંદ કેવળચંદ
૭ ભટ. મગનલાલ રેવાશંકર
૫ પટેલ. જીભાઇ દાજીભાઇ
૫ ,, બાજીભાઇ રામભાઇ
૫ બારોટ. દાભાઇ ભીમસંગ
૫ શાહ. માણેકલાલ મગનલાલ
૫ પટેલ. કાળાભાઈ જીજીભાઇ
૫ ,, રૂપસંગ ગીરધર
૫ ,, દાભાઈ મોડસંગ
૫ ,, ચંદાભાઈ હાથીભાઈ
૫ ,, અભેશંગ નાથાભાઈ
૫ ,, અદેશંગ ભારચલ
૫ ,, ભીમસંગ ભારમલ
૫ શાહ. નાથાલાલ મગનલાલ
૫ ,, રણછોડલાલ મગનલાલ
૫ ,, ચુનીલાલ મગનલાલ
૫ ,, જેશંગ કેવળચંદ
૫ ,, દલપત પાનાચંદ
૫ ,, મનસુખલાલ પાનાચંદ
૫ ભટ. મનસુખલાલ છગનલાલ
૫ શાહ. ભાઇજી નાથાભાઇ
૫ ,, શીવલાલ મુળજી
૫ પટેલ. શોમા રૂપસંગ
૫ ,, શંકર ગોવિંદ
૫ ,, ગોવિંદ ભગવાન
૫ ,, લક્ષ્મણ ભગવાન
૫ ,, હીરાભાઇ રૂપસંગ
૫ ,, નરોતમ ભગવાન
૫ ,, રણછોડ લક્ષ્મણ
૫ ,, ભવાન પુંજાભાઇ

૫ ,, બહેચર બાવાભાઈ
૫ ,, રણછોડ કાકાભાઇ
૫ ,, બાધર મોડશંગ
૫ ,, નરસિંહ માવશંગ
૫ મહાશંકર મંછારામ ભટ.
૫ નાથાલાલ હરજીવન ,,
૫ લલ્લુ ઉત્તમરામ ,,
૫ ગણુપતરામ ત્રંબકરામ ,,
૫ મુળજી રૂપરામ ,,
૫ હરગોવિંદ અમથારામ જોશી
૫ બાબર બાપુરામ ,,
૫ દલસુખ છગનલાલ ભટ.
૫ બાઇશંકર દેવરામ વૈદ
૫ આશારામ શીવરામ ભટ
૫ ગણુપતરામ જેઠારામ ,,
૫ રેવાશંકર જેઠારામ જોશી
૫ મણીશંકર જેઠારામ જોશી
૫ ચુનીલાલ બાઇશંકર જોશી
૫ રબારી. ગીરધર કાળા
૫ રબારી. માધવ કાળા
૫ પટેલ. જસા અભાભાઇ
૫ ,, નાથા ખોડા રાયજી
૫ ,, ગરબડ માધવ
૫ ,, પરભુ રઘુભાઇ
૫ ,, દેશાઇ કાળાભાઇ
૫ ,, સુરશંગ દુલાબાવા
૫ ,, કરશન નાથાભાઇ
૫ સીંધા ભૂપતસંગ બહેચરસંગ
૫ પટેલ. મહીજી દાભાઇ
૫ ,, મુળજી ભાઇજી
૫ ,, લલ્લુ ભાઇજી
૫ ગોસાઇ. પરસોતમ દયાગર
૫ પટેલ. જગુભાઇ માવશંગ
૫ ,, અદેશંગ જેઠીભાઇ
૫ ,, રેવાદાસ નરોતમ
૫ ,, ગદુભાઇ ઉમેદભાઈ
૫ ઘાંચી આદમહુસેન
૫ ઘાંચી હાસમ રસુલ
૫ નરસિંહ મુળજી લોકાસ્ટ
૫ પરસોતમ નરોતમ ,,
૫ મોતી જેશંગ પટેલ.
૫ નાથાભાઇ માવશંગ. પટેલ.
૫ કેશર જીભાઇ પટેલ.
૫ રામસંગ હરીભાઈ પટેલ.